# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) વિશ્વ જળ દિવસ નિમિત્તે આજે હરિયાણામાં જળશક્તિ અભિયાન- કેચ ધ રેઈન 2025નો પ્રારંભ કરાશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભવિષ્યની પેઢીઓ માટે પાણી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

3) દિલ્હી અને નોઈડામાં અનેક સ્થળોએ કેન્દ્રીય તપાસ સંસ્થા CBIના દરોડા.

4) તમિળનાડુના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વાજબી સીમાંકન પર સંયુક્ત કાર્યવાહી સમિતિની પહેલી બેઠક ચેન્નઈમાં શરૂ.

5) IPLની 18મી આવૃત્તિનો આજથી પ્રારંભ થશે. પહેલી મૅચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JALSHAKTI ABHIYAN

વિશ્વ જળ દિવસ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા હરિયાણાના પંચકુલામાં બહુપ્રતિક્ષિત જળશક્તિ અભિયાન- કેચ ધ રેઈન 2025નો પ્રારંભ કરાશે. આ અભિયાન જળશક્તિ મંત્રાલય, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તથા હરિયાણા સરકારના સહયોગથી શરૂ કરાશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની પણ ઉપસ્થિત રહેશે. જળ સંરક્ષણ માટે દેશભરમાં જાગૃતિ લાવવાનો આ પહેલનો ઉદ્દેશ છે. આના થકી ‘દરેક ટીપું મહત્વનું છે’ તે સ્વપ્ન પૂર્ણ કરી શકાશે.

. . . . . . . . . . . . . . .

# PM WATER DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ‘વિશ્વ જળ દિવસ’ પર જળ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જળ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા વીડિયો પણ રજૂ કર્યો. તેમણે ભવિષ્યની પેઢીઓ માટે પાણીને સાચવવાની જરૂરીયાત પર ભાર મૂક્યો.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

. . . . . . . . . . . . . . . .

# REV WORLD WATER DAY

આજે 22 માર્ચે વિશ્વ જળ દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ મીઠા પાણીના મહત્વ અને જળ સંશાધનોની યોગ્ય વ્યવસ્થા અંગે જાગૃતિ વધારવા ઉજવાય છે. કાર્યક્રમનો ઉદ્દેશ વિશ્વભરમાં જળસંકટને પહોંચી વળવા જાગૃતિ વધારવી અને કાર્યવાહીને પ્રેરિત કરવાનો છે. તેનો ઉદ્દેશ વર્ષ 2030 સુધી દરેક માટે પાણી અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે.

આ વર્ષનો વિષય 'ગ્લેશિયર સંરક્ષણ' છે. આ વૈશ્વિક મીઠા પાણીના પૂરવઠાને જાળવી રાખવામાં ગ્લેશિયરની મહત્વની ભૂમિકા અને આબોહવા સંરક્ષણ ઉપાયોની તાત્કાલિક જરૂરિયાત પર ભાર આપે છે. સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 1992માં બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં પર્યાવરણ અને વિકાસ પરના સંમેલનમાં વિશ્વ જળ દિવસની જાહેરાત કરી હતી.

હાલમાં, અંદાજે 2.2 અબજ લોકો સ્વચ્છ અને સલામત પીવાના પાણીથી વંચિત છે.

. . . . . . . . . . . . . . . .

# C R PATIL - WATER DAY

**કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે પાણીની કટોકટી વૈશ્વિક ચિંતાનો વિષય હોવા છતાં ભારતે આ પડકારને તકમાં પરિવર્તિત કર્યો હોવાનું કહ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી પાટીલે વિશ્વ જળ દિવસ અંગે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારતે જળ સંરક્ષણને માત્ર નીતિનો વિષય નહીં, પરંતુ એક જન આંદોલન બનાવ્યું છે.**

**તેમણે કહ્યું, જળ જીવન મિશન દ્વારા કરોડો ઘરોને નળનું પાણી અપાયું છે, અટલ ભૂગર્ભજળ યોજનાએ ઘટતા પાણીના સ્તર વિશે જાગૃતિ લાવી છે અને અમૃત સરોવરે પાણીના સ્ત્રોતોને નવું જીવન આપ્યું છે. શ્રી પાટીલે લોકોને દરેક ટીપાનું રક્ષણ કરવા અને આવનારી પેઢીઓ માટે પાણીથી સમૃદ્ધ ભારત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવા અપીલ કરી હતી.**

. . . . . . . . . . . . . . . .

# CBI - NOIDA SPORTS CITY

નોઈડા સ્પોર્ટ્સ સિટી પ્રોજેક્ટના ફાળવણી, વિકાસ અને મંજૂરીમાં ગેરરીતિઓના આરોપો અંગે કેન્દ્રીય તપાસ સંસ્થા સીબીઆઈએ દિલ્હી અને નોઈડામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. દરમિયાન ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ પુરાવા અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

આ કેસ વર્ષ 2011 થી 2014 વચ્ચે સ્પોર્ટ્સ સિટી પ્રોજેક્ટ્સની ફાળવણી, વિકાસ અને મંજૂરીમાં ગેરરીતિઓના આરોપો સાથે સંબંધિત છે. નોઈડા સ્પોર્ટ સિટી પ્રોજેક્ટનો ઉદ્દેશ નોઈડાના સેક્ટર 78, 79 અને 150માં રહેણાંક અને વાણિજ્યિક વિસ્તારો સાથે વિશ્વકક્ષાની રમત સુવિધાઓ વિકસાવવાનો હતો.

જોકે, આ પ્રોજેક્ટ્સની ફાળવણી પછી, નોઈડા સત્તામંડળના અધિકારીઓની સાથે મળીને લાભાર્થીઓ દ્વારા સંબંધિત શરતોનો વારંવાર ભંગ કરાયો હોવાનો આરોપ છે. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક-કેગનાં અહેવાલમાં ગેરરીતિઓ દર્શાવ્યા પછી પણ અધિકારીઓ દ્વારા કોઈ યોગ્ય પગલાં ન લેવાયાં હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELIMITATION JAC MEETING

**તામિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનની અધ્યક્ષતામાં આજે વાજબી સીમાંકન પર સંયુક્ત કાર્યવાહી સમિતિની પહેલી બેઠક ચેન્નઈમાં યોજાઈ રહી છે. બેઠકમાં કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર, પંજાબના મુખ્યમંત્રી ભગવંત સિંઘ માન અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્થ રેડ્ડી પણ સામેલ છે.**

બેઠકમાં શરૂઆતના તબક્કામાં સંઘવાદ અને સીમાંકનના મુદ્દાઓ સહિત અનેક વિષય પર પણ ચર્ચા થશે. પોતાના ઉદ્ઘાટન સંબોધનમાં શ્રી સ્ટાલિને કહ્યું, કેન્દ્ર દ્વારા નિર્ધારિત સીમાંકન એજન્ડાએ લોકશાહી સંઘવાદ અને રાજ્યોના સમાન પ્રતિનિધિત્વને નબળું પાડ્યું છે. તેમણે પરિસ્થિતિનું મુલ્યાંકન કરવા એક નિષ્ણાત પરિષદની રચના કરવાની પણ હાકલ કરી. જ્યારે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને દેશની વિવિધતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . .

# PREZ PM BIHAR DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના સ્થાપના દિવસની રાજ્યના લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ બિહારની પ્રશંસા કરતા કહ્યું, આ પ્રાચીનકાળથી જ જ્ઞાન અને વિકાસની ધરતી રહી છે. તેમણે બિહારના લોકો પોતાની પ્રતિભા, દ્રઢ સંકલ્પ અને તનતોડ મહેનતથી વિકસિત ભારત અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રીએ બિહારના વીરો અને મહાપુરુષોની આ પાવન ધરતી હોવાનું જણાવતાં કહ્યું, ભારતીય ઇતિહાસને ગૌરવવંતો બનાવનારું આ રાજ્ય આજે પોતાની વિકાસ યાત્રામાં મહત્વના સ્થાન પરથી પસાર થઈ રહ્યું છે. શ્રી મોદીએ એ વાત પર પણ ભાર આપ્યો કે, બિહારના પરિશ્રમી અને પ્રતિભાશાળી લોકોના આ વિકાસમાં મહત્વની ભૂમિક છે. તેમણે વિશ્વાસ અપાવ્યો કે, ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનું કેન્દ્ર રહેલા બિહારના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવામાં કોઈ કસર નહીં રાખીએ.

. . . . . . . . . . . . . . . .

# EARTH HOUR

ભારત આજે વિશ્વના સૌથી મોટા પર્યાવરણીય આંદોલન અર્થ અવરમાં જોડાશે. દર વર્ષે માર્ચ મહિનામાં રાત્રે સાડા આઠથી સાડા નવ વાગ્યા સુધી અર્થ અવરનું આયોજન કરાય છે. આ સમય દરમિયાન વિશ્વભરના લોકો બિનજરૂરી લાઇટ બંધ કરી દે છે. આ વર્ષનો કાર્યક્રમ વધુ મહત્વનો છે. કારણ કે, આજે વિશ્વ જળ દિવસ પણ ઉજવાઇ રહ્યો છે.

ભારતમાં પ્રતિષ્ઠિત સ્થળો, સ્મારકો, જાહેર અને ખાનગી સંસ્થાઓ, વ્યવસાયો અને સમુદાયો આ કાર્યક્રમમાં એકસાથે ભાગ લેશે. આ વર્ષના અર્થ અવરનો વિષય - પાણી પ્રત્યે સભાન બનો, પાણી સંરક્ષણ અને ટકાઉ આવશ્યક્તાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. અર્થ અવર સૌપ્રથમ વર્ષ 2007માં ઑસ્ટ્રેલિયાના સિડનીમાં સિડની મોર્નિંગ હેરાલ્ડના સહયોગથી શરૂ કરાયો હતો.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ-I.P.L.ની 18મી આવૃત્તિનો આજથી પ્રારંભ થશે. પશ્ચિમ બંગાળના કોલકાતામાં આજે શરૂઆતની મેચ વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ

રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાશે. આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. આ પહેલા ઉદ્ઘાટન સમારોહમાં હિન્દી સિનેમાનાં અભિનેત્રી દિશા પટણી, પ્રસિદ્ધ ગાયિકા શ્રેયા ઘોષાલ અને પંજાબી ગાયક કરણ ઔજલા પ્રસ્તુતિ આપશે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ મુકેશ કુમાર)**

. . . . . . . . . . . . . . . .

# BADMINTON

સ્વિસ ઑપન બેડમિન્ટન ટૂર્નામૅન્ટમાં મહિલા ડબલ્સની સેમિ-ફાઈનલમાં આજે ત્રિશા જૉલી અને ગાયત્રી ગોપીચંદની જોડી ચીનની જોડી સામે રમશે. આ મૅચ સ્વિત્ઝર્લૅન્ડના બેસલ ખાતે ભારતીય સમય મુજબ, પાંચ વાગ્યાને 10 મિનિટે રમાશે.

ભારતીય જોડીએ ગઈકાલે ક્વાર્ટર ફાઈનલમાં હોંગકોંગની જોડીને 21—18, 21—14થી હરાવી હતી. દરમિયાન પુરુષ સિંગલ્સમાં ભારતના શંકર સુબ્રમણ્યમને ક્વાર્ટર ફાઈનલમાં ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ સામે પરાજયનો સામનો કરવો પડ્યો.

. . . . . . . . . . . . . . . .